| | | | | |
|---|---|---|---|---|
| દાખલ તારીખ | **૨૫/૦૬/૨૦૧૮** | | | |
| રજીસ્ટર તારીખ | **૨૫/૦૬/૨૦૧૮** | | | |
| ફેંસલ તારીખ | **૧૦/૧૦/૨૦૨૪** | | | |
| સમયગાળો | વર્ષ | માસ | દિવસ | |
| | **૦૬** | **૦૩** | **૧૫** | |

**આંકઃ–**

## FROM–A

| રાજકોટ જીલ્લાના એડીશ્નલ ડિસ્ટ્રીક્ટ એન્ડ સેશન્સ જજ સાહેબશ્રીની અદાલતમાં, મુકામ–જેતપુર. | |
|---|---|
| ચુકાદાની તારીખ | **૧૦/૧૦/૨૦૨૪** |
| સેશન્સ કેસ નંબર | **૧૧/૨૦૧૮** |
| ફરિયાદ પક્ષ | શ્રી સરકાર |
| પોલીસ સ્ટેશન | જેતપુર સિટી પોલીસ સ્ટેશન |
| એ.પી.પી.શ્રી | **કે. એ. પંડયા.** |
| ગુનાની કલમ | ઈ. પી. કોડની કલમ–૪૫૨, ૪૩૬, ૩૨૩, ૫૦૪, ૫૦૬(૨) મુજબ... |
| પ્રથમ માહિતી અહેવાલ નંબર | ફર્સ્ટ ગુ. ર. નં. ૫૯/૨૦૧૪ |
| આરોપી પક્ષ | **કમલેશ મનસુખભાઈ માકડીયા**<br>ઉ. વ. ૪૩, ધંધો–<br>રહે. ભાયાવદર, તા. ઊપલેટા, જિ. રાજકોટ. |
| બચાવ પક્ષે વિ. વ. શ્રી | **જે. કે. વ્યાસ.** |

## FROM–B

| | |
|---|---|
| ગુનો બન્યા તારીખ | ૧૫/૦૩/૨૦૧૪ |
| એફ.આઇ.આર. તારીખ | ૨૬/૦૩/૨૦૧૪ |
| ચાર્જશીટ દાખલ તારીખ | ૨૦/૦૯/૨૦૧૪ |
| ચાર્જફ્રેમ કર્યા તારીખ | ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ ૨૯૯(૨) મુજબ. |
| પુરાવો ચાલુ થયા તારીખ | ૨૯/૦૮/૨૦૨૪ |
| ચુકાદો અનામત રાખ્યા તારીખ | **૧૦/૧૦/૨૦૨૪** |
| ચુકાદાની તારીખ | **૧૦/૧૦/૨૦૨૪** |
| સજા, હુકમની તારીખ(લાગુ પડે તો) | – |

**આરોપીની વિગતઃ–**

| આરોપી ક્રમ | આરોપીનું નામ | અટક કર્યા તારીખ | જામીન ઉપર છોડ્યા તારીખ | ગુના આઇ.પી. સી. કલમ– | તકસીરવાર / નિર્દોષ | કરવામાં આવેલ સજા | સી .આર.પી. સી. ની.કલમ– ૪૨૮ માટે કસ્ટડીમાં રહેલ સમય |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | કમલેશ મનસુખભાઈ માકડીયા | આગોતરા જામીન ઉપર મુક્ત<br><br>પકડ વોરંટથી અટક કર્યા ૦૩/૦૩ /૨૦૧૯ | --<br><br>૦૮/૦૩/ ૨૦૧૯ | ઈ. પી. કોડની કલમ– ૪૫૨, ૪૩૬, ૩૨૩, ૫૦૪, ૫૦૬(૨) મુજબ. | નિર્દોષ | – | ૦૫ દિવસ |

## **FROM–C**

## ફરિયાદી પક્ષે/ બચાવ પક્ષે/કોર્ટ તરફે સાહેદ યાદી

### અ. ફરિયાદી પક્ષે સાહેદ લીસ્ટ

| સાહેદ નંબર | સાહેદોના નામ. | આંક | સાહેદનો પ્રકાર |
|---|---|---|---|
| ૧ | હિતેષભાઈ હિંમતલાલ મશરૂ | ૩૨ | પંચ સાહેદ. |
| ૨ | બાવનજીભાઈ ભીમજીભાઈ નકુમ | ૩૪ | સાહેદ. |
| ૩ | ફરઝાનાબેન ઈકબાલભાઈ કાદરી | ૩૬ | સાહેદ. |
| ૪ | વિનોદભાઈ મનસુખભાઈ કુબાવત | ૩૭ | પંચ સાહેદ. |
| ૫ | નવનીતભાઈ ભોવાનભાઈ ધુંજારીયા | ૩૯ | પંચ સાહેદ. |
| ૬ | રમાગૌરી પરસોત્તમભાઈ રાજ્યગુરૂ | ૪૦ | સાહેદ. |
| ૭ | ઝાકીરહુસેન ગુલાબભાઈ ચૌહાણ | ૪૨ | ત. ક. અમલદાર. |

### દસ્તાવેજી પુરાવા

| અનુ. નં. | આંક | દસ્તાવેજ |
|---|---|---|
| ૧ | ૩૩/સાહેદ નં. ૧ | પંચનામું. |
| ૨ | ૩૮/સાહેદ નં. ૪, ૫ | પંચનામું. |
| ૩ | ૪૧/સાહેદ નં. ૬ | એફ.આઈ.આર. |

### બ.બચાવ પક્ષે સાહેદ લીસ્ટ

| સાહેદ નંબર | સાહેદોના નામ. | આંક | સાહેદનો પ્રકાર |
|---|---|---|---|
| – | – | – | – |

**દસ્તાવેજી પુરાવા**

| અનુ. નં. | આંક | દસ્તાવેજ |
|---|---|---|
| | | |

**ક. કોર્ટ પક્ષે સાહેદ લીસ્ટ**

| સાહેદ નંબર | સાહેદોના નામ. | આંક | સાહેદનો પ્રકાર |
|---|---|---|---|
| – | – | – | – |

**દસ્તાવેજી પુરાવા**

| અનુ. નં. | આંક | દસ્તાવેજ |
|---|---|---|
| – | – | – |

**ડ. કબજે કરેલ મુદ્દામાલ**

| અ.નં. | આર્ટીકલ નંબર | વિગત |
|---|---|---|
| ૧. | ---નીલ--- | |

## ઠ રા વ

**(૧)** હાલનો કેસ જેતપુરનાં વિ. એડી. ચીફ જ્યુડી. મેજી. શ્રીની કોર્ટમાં ફોજ. કેસ નં. ૧૫૭૮/૨૦૧૪ થી રજીસ્ટરે લેવામાં આવેલ ત્યારબાદ હાલનાં કેસનો ગુનો સેશન્સ ટ્રાયેબલ હોઈ સદરહુ કેસ તા. ૦૭/૦૬/૨૦૧૮ નાં રોજ કમીટ કરી અત્રેની અદાલત તરફ મોકલી આપતાં અત્રેની અદાલત દ્વારાં તા. ૨૫/૦૬/૨૦૧૮ નાં રોજ સેશન્સ કેસ નં. ૧૧/૨૦૧૮ થી રજીસ્ટરે લેવામાં આવેલ.

**(૨)** આ કામના ઉપરોકત જણાવેલ આરોપી સામેનો મૂળ કેસ સને–૨૦૧૪ ની સાલનો હોઈ અને આરોપી અદાલત સમક્ષ હાજર રહેતા ન હોઈ આરોપી સામેનો કેસ ઘણા વર્ષોથી પકકડ વોરંટ પર હોય આરોપી તપાસ કરવા છતાં પણ મળી આવતો ન હોઈ જેથી આરોપી સામેના પકકડ વોરંટની બજવણી થઇ શકતી ન હોઈ જેથી સદરહુ કેસમાં આરોપીની ગેરહાજરીમાં સી.આર.પી.સી. ૨૯૯(૨) મુજબ ફરિયાદપક્ષનો પુરાવો નોંધવામાં આવેલ છે.

(૩) ફરિયાદપક્ષનાં કેસની ટૂંકમાં હકીકત એવી છે કે,

જેતપુર સિટી પોલીસ સ્ટેશનના પી.એસ.ઓ. શ્રી રૂબરૂ તા. ૨૬/૦૩/૨૦૧૪ નાં રોજ ફરિયાદી બીબીબેન ડો./ઓ. જમાલભાઈ મુલતાની, ઉ.વ. ૪૦, ધંધોઃ ઘરકામ, રહે. ગુજરાતીની વાડી, ગૌશાળા પાસે, ભાવીક નગર, જેતપુર, જિ. રાજકોટનાઓએ આપેલ ફરીયાદ હકીકત નીચે મુજબ છે.

"રૂબરૂમાં આવી જાહેર કરી મારી ફરિયાદ લખાવું છું કે, હું ઉપર લખાવ્યા સ્થળે એકલી જ રહું છું અને મારે અગાઉ મેરેજ થયેલ હતાં, પરંતુ ત્યાં છૂટાછેડા થઈ ગયેલ છે અને મારે સંતાનમાં કાંઈ નથી. હું એકલી રહું છું અને મારે કમલેશભાઈ મનસુખભાઈ માકડીયા પટેલ, રહે. ભાયાવદરવાલા સાથે અમારા બંને વચ્ચે પતિ પત્નિ જેવા સબંધ હતાં અને જીવન જીવતા હતાં અને આ કમલેશને ખેતીની જમીન ભાયાવદરમાં છે અને આ કમલેશ મારી સાથે રહેતાં હોઈ જેથી હું ઘર વપરાશ માટે પૈસા માગું તો તે એકદમ ઉશ્કેરાઈ જઈ મને જેમ ફાવે તેમ ગાળો આપતો અને અવાર નવાર મારકૂટ કરતો હતો. ગઈ તા. ૦૭/૦૩/૨૦૧૪ નાં રોજ મારી સાથે ઝઘડો કરીને કમલેશ જતો રહેલ અને મને કહેલ કે તું કેમ જીંદગી જીવે છે તેમ ધમકી આપી જતો રહેલ હતો અને ગઈ તા. ૧૨/૦૩/૨૦૧૪ નાં રાત્રે ૩.૩૦ વાગ્યે હું પેશાબ પાણીકરવા ઉઠેલ ત્યારે મારો ઘરનો દરવાજો ખુલ્લો હતો અને આ કમલેશ મારા મોઢા ઉપર પેટ્રોલ છાંટીને જતો રહેલ અને ત્યારબાદ મેં જતુ કરેલ અને પછી તા. ૧૫/૦૩/૨૦૧૪ નાં રોજ રાત્રીના ઘર બંધ કરીને સુતી હતીત્યારે સવારના સાડા પાંચેક વાગ્યે હું ઉઠીને જોયું તો મારે ઓશરીમાં રહેલ ગોદડાં તથા કોઠીમાં રાખેલ ઘંઉ તથા બીજી ઘરવખરી સળગતી હતી અને મેં દેકારો કરતાં તથા આજુબાજુવાળા ભેગા થઈ ગયેલ અને આગ અમો બધાએ બુઝાવી આ વખતે મારી સાથે રહેતાં બાવનજી ભીમજીબાઈ સતવારા તથા બીજા કાસમભાઈ તથા મુમતાઝબેન આ બધા આવી આગ બુઝાવેલ અને આગમાં મારે આશરે વિસેક હજારનું નુક્સાન થયેલ છે અને આ કમલેશ મનસુખ આ આગ મારા ઘરની વંડી ટપી, અંદર પ્રવેશ કરી આગ લગાડેલ છે તો તેની સામે ધોરણસર થવા મારી ફરિયાદ છે."

(૪) આ કામમાં જેતપુર સિટી પોલીસ સ્ટેશનનાં પી.એસ.ઓ. શ્રી દ્વારાં ફરિયાદીનાં લખાવ્યા મુજબની ફરિયાદ લખી લઈ બાદમાં સદર ફરિયાદ આધારે જેતપુર સિટી પોલીસ સ્ટેશનમાં ફર્સ્ટ ગુના રજીસ્ટર નં. ૫૯/૨૦૧૪ થી આરોપી વિરૂદ્ધ ઈ. પી. કોડની કલમ-૪૫૨, ૪૩૬, ૩૨૩, ૫૦૪, ૫૦૬(૨) મુજબનો ગુનો દાખલ કરી અને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ-૧૫૪ ના ફોર્મમાં ઉતારો કરેલ અને ત. ક. અમલદારશ્રીને તપાસ સોંપેલ અને ત્યારબાદ સદર તપાસના કામે ત. ક. અમલદારશ્રીએ લાગતા વળગતા

સાહેદોનાં નિવેદનો લીધેલ અને આરોપી વિરૂદ્ધ પૂરતા પુરાવા જણાતાં જેતપુરના વિ. એડી. ચીફ. જ્યુડી. મેજી.શ્રીની અદાલતમાં તા. ૨૦/૦૯/૨૦૧૪ નાં રોજ ઈ. પી. કોડની કલમ–૪૫૨, ૪૩૬, ૩૨૩, ૫૦૪, ૫૦૬(૨) મુજબનાં ગુનાઓ અંગેનું નામદાર કોર્ટમાં ચાર્જશીટ કરેલ જેને જેતપુરના વિ. એડી. ચીફ. જ્યુડી. મેજી.શ્રીની અદાલતમાં ફોજ. કેસ નં. ૧૫૭૮/૨૦૧૪ થી રજીસ્ટરે લેવામાં આવેલ.

ઉપર લખ્યા મુજબની રીતે તપાસ કરનાર અમલદારશ્રી તરફથી જેતપુરનાં વિ. એડી. ચીફ. જ્યુડી. મેજી.શ્રીની અદાલતમાં ચાર્જશીટ રજૂ થતાં જેતપુરનાં વિ. એડી. ચીફ. જ્યુડી. મેજી.શ્રીની અદાલતમાં તા. ૨૦/૦૯/૨૦૧૪ નાં રોજ ફોજ. કેસ નં. ૧૫૭૮/૨૦૧૪ થી રજીસ્ટરે લેવામાં આવેલ. ત્યારબાદ સદર ગુનાની ઈન્સાફી કાર્યવાહી ચલાવવાની હકુમત તેઓને ન હોઈ જેતપુરનાં વિ. એડી. ચીફ. જ્યુડી. મેજી.શ્રીએ સદર ફોજ. કેસ નં. ૧૫૭૮/૨૦૧૪ નાં કામે તા. ૦૭/૦૬/૨૦૧૮ નાં રોજ કમીટલ હુકમ કરી આ કામ સેશન્સ કમીટ કરવાનો હુકમ કરેલ હતો. સદર હુકમ મુજબ આ કામનું અસલ રેકર્ડ તથા પ્રોસીડીંગ્સ એડીશ્નલ સેશન્સ કોર્ટ, જેતપુરને મળતાં તેને સેશન્સ કેસ નં. ૧૧/૨૦૧૮ થી રજીસ્ટરે લેવામાં આવેલ.

(૫) સદર કેસની ઈન્સાફી કાર્યવાહી દરમિયાન આરોપી ઘણાં વર્ષોથી અદાલત સમક્ષ હાજર ન રહેતાં આરોપી સામે પકકડ વોરંટ ઈસ્યુ કરવામા આવેલ છે, તેમ છતાં આરોપી આજદિન સુધી મળી આવતો ન હોઈ આરોપી સામેનો હાલનો કેસ અત્રેની અદાલત દ્વારાં સી.આર.પી. સી. કલમ–૨૯૯(૨) મુજબ ફરિયાદપક્ષનો પુરાવો નોંધવામાં આવેલ છે.

**(૬) ફરિયાદપક્ષે આરોપી વિરૂદ્ધનો ગુનો પુરવાર કરવા માટે નીચે મુજબના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા રજુ કરવામાં આવેલ છે.**

**<u>મોખિક પુરાવા</u>**

| **અનુ.નં.** | **સાહેદોના નામ.** | **આંક** |
|---|---|---|
| ૧ | પંચ સાહેદ હિતેષભાઈ હિંમતલાલ મશરૂની જુબાની. | ૩૨ |
| ૨ | સાહેદ બાવનજીભાઈ ભીમજીભાઈ નકુમની જુબાની. | ૩૪ |
| ૩ | સાહેદ ફરઝાનાબેન ઈકબાલભાઈ કાદરીની જુબાની. | ૩૬ |
| ૪ | પંચ સાહેદ વિનોદભાઈ મનસુખભાઈ કુબાવતની જુબાની. | ૩૭ |
| ૫ | પંચ સાહેદ નવનીતભાઈ ભોવાનભાઈ ધુંજારીચાની જુબાની. | ૩૯ |
| ૬ | સાહેદ રમાગૌરી પરસોત્તમભાઈ રાજ્યગુરૂની જુબાની. | ૪૦ |
| ૭ | ત. ક. અમલદાર ઝાકીરહુસેન ગુલાબભાઈ ચૌહાણની જુબાની. | ૪૨ |

**<u>દસ્તાવેજી પુરાવા</u>**

| અનુ.નં. | દસ્તાવેજો નુ વર્ણન. | આંક |
|---|---|---|
| ૧ | પંચનામું. | ૩૩ |
| ૨ | પંચનામું. | ૩૮ |
| ૩ | એફ.આઈ.આર. | ૪૧ |

ત્યારબાદ ફરિયાદપક્ષ તરફે **આંક–૪૩** થી પુરાવો પુરો થયાની પુરસીસ રજૂ થતાં ફરિયાદપક્ષનો પુરાવો બંધ કરવામાં આવેલ છે.

**(૭)** હાલનાં કામે આરોપી ઘણા વર્ષોથી અદાલત સમક્ષ હાજર ન રહેતા આરોપી સામે પકકડ વોરંટ ઈસ્યુ કરવામા આવેલ છે, તેમ છતાં આરોપી આજદિન સુધી મળી આવતો ન હોઈ આરોપી સામેનો હાલનો કેસ અત્રેની અદાલત દ્વારા સી.આર.પી. સી. ૨૯૯(૨) મુજબ ફરિયાદપક્ષનો પુરાવો નોંધવામાં આવેલ હોઈ આરોપીનું ક્રિમી. પ્રોસી. કોડની કલમ–૩૧૩ અન્વયે આરોપીનું વિશેષ નિવેદન નોંધી શકાયેલ નથી.

**(૮) સદર કેસના નિર્ણય માટે મારે નીચે મુજબનાં મુદ્દા નિર્ણિત કરવા જરૂરી બને છે.**

**૧.** શું ફરિયાદપક્ષ એ હકીકત નિઃશંક રીતે પુરવાર કરે છે કે, આ કામનાં ફરિયાદી તથા આરોપી વચ્ચે પતિ પત્નિ જેવો સબંધ હોઈ જે બંને સાથે રહેતાં હોઈ અને ફરિયાદીએ ઘરવપરાશ માટે પૈસા માંગતા આ કામનાં આરોપીએ ફરિયાદીને ઢીકાપાટુનો માર મારી, ગાળો આપી, જાનથી મારી નાંખવાની ધમકી આપી જતો રહેલ અને ત્યારબાદ આ કામનાં આરોપીએ તા. ૧૨/૦૩/૨૦૧૪ નાં રોજ રાત્રીના ૩.૩૦ વાગ્યે આવી અને ફરિયાદીનાં મોઢા ઉપર પેટ્રોલ છાંટી તથા ત્યારબાદ તા. ૧૫/૦૩/૨૦૧૪ નાં રોજ સવારના સાડા પાંચેક વાગ્યે આવી ઓશરીમાં પડેલ ગોદડાં તથા બીજી ઘરવખરીનો સામાન સળગાવી દઈ ફરિયદીને આશરે રૂા. ૨૦,૦૦૦/– જેટલાનું નુક્સાન કરી ઈ. પી. કોડની કલમ–૪૫૨, ૪૩૬, ૩૨૩, ૫૦૪, ૫૦૬(૨) મુજબનો સજાનેપાત્ર ગુનો કરેલ છે ?

**૨.** શું હુકમ ?

**(૯) ઊપરોકત મુદાઓની હવે પછી તુરત ચર્ચા કર્યાના આધારે અમારા નિર્ણય નીચેના કારણોસર નીચે મુજબ છે.**

**૧.** નકારમાં.

**૨.** આખરી હુકમ મુજબ.

**<u>કા ર ણો</u>**

**(૧૦) <u>મુદા નં.૧, ૨</u>**

ફરિયાદપક્ષ તરફે સાહેદ નં. ૧ પંચ સાહેદ હિતેષભાઈ હિંમતલાલ મશરૂએ તેમની આંક–૩૨ ની કોર્ટ રૂબરૂની સોંગદ ઉપરની જુબાનીમાં મુખ્યત્વે એવી હકીકતો જણાવેલ છે કે, મને પોલીસે ૨૦૧૪ ની સાલમાં પોલીસ સ્ટેશને બોલાવેલો અને લખેલા કાગળમાં સહી કરવાનું કહેતા મે પંચનામામાં સહી કરી આપેલી. મને પોલીસ કોઈ બનાવવાળી જગ્યાએ લઈ ગયેલ નથી. મારી સાથે બીજા પંચ તરીકે હિરેનભાઈ નવનીતભાઈ રાઠોડ હતા. મને કોર્ટના રેકર્ડમાંથી સ્થાનિક જગ્યાનું પંચનામું બતાવવામાં આવે છે તે જોઈને કહુ છુ કે તેમાં પંચ નં. ૧ માં મારી સહી છે તથા પંચ નં. ૨ માં હિરેનભાઈ નવનીતભાઈની સહી છે જે હું ઓળખી બતાવુ છું જેને આ કામે રજુ દાખલ આંક – ૩૩ આપવામાં આવે છે.

સાહેદ ફરિયાદપક્ષનાં કેસની હકીકતોને સમર્થનકારક એવી કોઈ હકીકતો પોતાની જુબાનીમાં જણાવતાં ન હોઈ ફરિયાદપક્ષે સાહેદને ફરી ગયેલાં જાહેર કર્યા બાદ વિ. એ. પી. પી. શ્રી દ્વારાં તેમની કરવામાં આવેલ ઊલટ તપાસમાં પણ સાહેદે મુખ્યત્વે એવી હકીકતો જણાવેલ છે કે, એ વાત ખરી નથી કે મે પોલીસે મને તા. ૨૭/૦૩/૧૪ ના રોજ સ્થાનિક જગ્યાના પંચનામામાં રહેવા માટે બોલાવેલો અને અમોને બનાવવાળી જગ્યા બતાવેલી અને અમારા રૂબરૂ બનાવવાળી જગ્યાનું પંચનામું કરેલ હોવા છતાં આરોપીને બચાવવા સોગંદ ઉપર ખોટી જુબાની આપુ છું.

આમ, સદરહુ સાહેદના સોગંદ પરના પુરાવાથી ફરિયાદપક્ષનાં કેસને સમર્થન મળતું નથી અને ફરિયાદપક્ષનો કેસ પુરવાર થયેલ નથી.

**(૧૧)** ફરિયાદપક્ષ તરફે સાહેદ નં. ૨ બાવનજીભાઈ ભીમજીભાઈ નકુમે તેમની આંક–૩૪ ની કોર્ટ રૂબરૂની સોંગદ ઉપરની જુબાનીમાં મુખ્યત્વે એવી હકીકતો જણાવેલ છે કે, બનાવ તા. ૧૫/૦૩/૨૦૧૪ ના રોજ બનેલો. જે બનાવ બીબીબેનને ત્યાં બનેલો. બનાવ વિશે હું કાઈ જાણતો નથી. આ બનાવની ફરીયાદ બીબીબેને આપેલી. હાલ બીબીબેનનું અવસાન થયેલ છે. પોલીસે મારી પુછપરછ કરેલી અને નિવેદન લીધેલું. હું આરોપીને ઓળખતો નથી.

સાહેદ ફરિયાદપક્ષનાં કેસની હકીકતોને સમર્થનકારક એવી કોઈ હકીકતો પોતાની જુબાનીમાં જણાવતાં ન હોઈ ફરિયાદપક્ષે સાહેદને ફરી ગયેલાં જાહેર કર્યા બાદ વિ. એ. પી. પી. શ્રી દ્વારાં તેમની કરવામાં આવેલ ઊલટ તપાસમાં પણ સાહેદે મુખ્યત્વે એવી હકીકતો જણાવેલ છે કે, એ વાત ખરી નથી કે પોલીસે તા. ૨૭/૦૩/૨૦૧૪ ના રોજ મારૂ નિવેદન લીધેલું અને જે નિવેદનમાં મે પોલીસને આ બનાવ અંગેની તમામ હકીકતો પોલીસને જણાવેલ હોવા છતાં આરોપીને બચાવવા સોગંદ ઉપર ખોટી જુબાની આપુ છું.

આમ, સદરહુ સાહેદના સોગંદ પરના પુરાવાથી ફરિયાદપક્ષનાં કેસને સમર્થન મળતું નથી અને ફરિયાદપક્ષનો કેસ પુરવાર થયેલ નથી.

**(૧૨)** ફરિયાદપક્ષ તરફે સાહેદ નં. ૩ ફરજાનાબેન ઈકબાલભાઈ કાદરીએ તેમની આંક–૩૬ ની કોર્ટ રૂબરૂની સોંગદ ઉપરની જુબાનીમાં મુખ્યત્વે એવી હકીકતો જણાવેલ છે કે, બનાવના દિવસે હું પ્રસંગમાં મારા બહેનના ઘરે ભાયાવદર પાસે આવેલ કલાડીયા ગયેલી હતી. બનાવ મે નજરે જોયેલ નથી. બીબીબેન અમારા પાડોશમાં રહેતા હતા. બીબીબેનનું કોરોનામાં અવસાન થયેલ છે. બનાવ વિશે હું કાઈ જાણતો નથી. પોલીસે મારી પુછપરછ કરેલી અને નિવેદન લીધેલું. હું આરોપીને ઓળખતી નથી.

એ વાત ખરી નથી કે મે તા. ૨૭/૧૦/૨૦૧૪ ના રોજ પોલીસ રૂબરૂના નિવેદનમાં "ગઈ તા. ૧૫/૦૩/૨૦૧૪ ના રોજ રાત્રીમાં સમયે હું મારા ગરે સુતી હતી. દરમ્યાન વહેલી સવારે સાડા પાંચેક વાગ્યાના અરસામાં બીબીબેન અચાનક બુમાબુમ કરતા હું જાગીને તેના ઘર બાજુ ગઈ મારા ઘરે બીજા સુતા હોય હું એકલી જ ત્યાં આગળ ગઈ. બીબીબેનના ઘરે આવતા મકાનનું બારણું ખુલ્લુ હતુ અને ઓસરીમાં પડેલ અનાજના બેરલ ઉપર ગોદડુ વિ. સળગતુ હતું અને આ વખતે બીબીબેન એકલા આ આગ ઓલાવતા હતા મે પણ ત્યાં જઈને આગ બુઝાવવામાં મદદ કરવા માંડી થોડીવારમાં ત્યાં આગળ બાવનજીભાઈ તથા મુમતાઝબેન તથા તેમના પતિ અયુબભાઈ પણ ત્યાં આવી આગ બુઝાવવામાં મદદ કરવા લાગેલા. આગ બુઝતા અમોએ બીબીબેનને કહેલ કે, આ બનાવ કેવી રીતે બનેલો ? તો બીબીબેને અમારા રૂબરૂ જણાવતા કહેલ કે, હું રાત્રીના મારા ઘરે હાજર હતી અને બારણુ બંધ કરી સુતી હતી અને મારો કહેવાતો પતિ કમલેશ મનસુખભાઈ માકડીયા પટેલ મારા ઘરની ડેલી બંધ હોય વંડી ટપી અંદર આવી આ ગોદળા વિગેરે ઘરવખરી સળગાવી નુકશાન કરેલ છે તેવુ કહેલ અને અમારી રૂબરૂ એવુ પણ કહેલ કે, આ કમલેશ પાસે મે ઘરવપરાશ માટે પૈસા માંગેલા કારણ કે આ કમલેશ મારી સાથે પતિ પત્નિનો સંબંધ ધરાવતો હોય જેથી હું મારો ઘરસંસાર ચલાવવા ચીજવસ્તુ લાવવા પૈસાની જરૂર હોય મે પૈસા કમલેશ પાસે માંગતા અગાઉ તેણે મને ઢીકાપાટુનો માર મારી ગાળો આપેલી. ત્યારબાદ થોડા દિવસ પછી આ કમલેશે મારી સાથે ઝગડો કરી મારા મોઢા પર પેટ્રોલ છાંટેલ અને અમારા બંને વચ્ચે પતિ પત્નિના સંબંધ હોય તે સંબંધ તુટે નહી તે માટે મે પોલીસ ફરીયાદ કરેલ નથી અને આ કમલેશ અગાઉ ઝગડો કરેલ ત્યારે મને કહેલ કે, તું કેવી રીતે જીવે છે ? તને જાનથી પતાવી દેવી છે. તેવી ધાક ધમકી આપી ગયેલ હોય જેથી આજરોજ તા. ૨૫/૦૩/૨૦૧૪ ના રોજ વહેલી સવારે પાચ સાડા પાંચ વાગ્યે આ કમલેશે મકાનની દિવાલ ટપી અંદર પ્રવેશ કરી

મારી ઓસરીમાં પડેલ ગાદલા વિગેરે ઘરવખરીનો સરસામાન સળગાવી નાખી સામગ્રીનો નાશ કરેલો."

આમ, સદરહુ સાહેદના સોગંદ પરના પુરાવાથી ફરિયાદપક્ષનાં કેસને સમર્થન મળતું નથી અને ફરિયાદપક્ષનો કેસ પુરવાર થયેલ નથી.

**(૧૩)** ફરિયાદપક્ષ તરફે સાહેદ નં. ૪ પંચ સાહેદ વિનોદભાઈ મનસુખભાઈ કુબાવતે તેમની આંક–૩૭ ની કોર્ટ રૂબરૂની સોંગદ ઉપરની જુબાનીમાં મુખ્યત્વે એવી હકીકતો જણાવેલ છે કે, આજથી આશરે દસેક વર્ષ પહેલા પોલીસે મને જેતપુર સીટી પોલીસ સ્ટેશને બોલાવેલો. ત્યાં મને સહી કરવાનું કહેતા મે સહી કરી આપેલી. હું આરોપી કમલેશ મનસુખ માકડીયાને ઓળખુ છું, તેઓ ભાયાવદર મુકામે રહે છે. હું આરોપી કમલેશને લઈને પોલીસ સ્ટેશને ગયેલો અને ત્યારબાદ કમલેશને લઈને હું પરત આવતો રહેલો. પોલીસે મારી હાજરીમાં કોઈ પંચનામું કરેલ નથી પરંતુ પોલીસે મારી તૈયાર લખેલા કાગળમાં સહી લીધેલી અને મારી સાથે બીજા પંચ તરીકે નવનીતભાઈ ભોવાનભાઈ હાજર હતા તેની પણ પોલીસે સહી લીધેલી. મને કોર્ટના રેકર્ડમાંથી અટક પંચનામું બતાવવામાં આવે છે તે જોઈને કહુ છુ કે તેમાં પંચ નં. ૧ માં મારી સહી છે તથા પંચ નં. ૨ માં નવનીતભાઈ ભોવાનભાઈ ની સહી છે જે હું ઓળખી બતાવુ છું જેને આ કામે રજુ દાખલ આંક – ૩૮ આપવામાં આવે છે.

એવુ બનેલ નથી કે તા. ૦૩/૦૯/૨૦૧૪ ના રોજ પોલીસે અમોને પંચમાં રહેવા માટે બોલાવેલા અને અમારી રૂબરૂમાં આરોપી કમલેશ મનસુખભાઈ માકડીયાને અટક કરેલા અને તે અંગેનું પંચનામું અમોએ લખાવેલું અને ત્યારબાદ તેમાં સહી કરેલી.

આમ, સદરહુ સાહેદના સોગંદ પરના પુરાવાથી ફરિયાદપક્ષનાં કેસને સમર્થન મળતું નથી અને ફરિયાદપક્ષનો કેસ પુરવાર થયેલ નથી.

**(૧૪)** ફરિયાદપક્ષ તરફે સાહેદ નં. ૫ પંચ સાહેદ નવનીતભાઈ ભોવાનભાઈ ધુંજારીયાએ તેમની આંક–૩૯ ની કોર્ટ રૂબરૂની સોંગદ ઉપરની જુબાનીમાં મુખ્યત્વે એવી હકીકતો જણાવેલ છે કે, આજથી આશરે દસેક વર્ષ પહેલા જેતપુર ખાતે બકાલુ ખરીદ કરવા આવેલ ત્યારે પોલીસે મને જેતપુર સીટી પોલીસ સ્ટેશને બોલાવેલો. ત્યાં મને સહી કરવાનું કહેતા મે સહી કરી આપેલી. પોલીસે મારી હાજરીમાં કોઈ પંચનામું કરેલ નથી પરંતુ પોલીસે મારી તૈયાર લખેલા કાગળમાં સહી લીધેલી અને મારી સાથે બીજા પંચ તરીકે વિનોદભાઈ મનસુખભાઈ હાજર હતા તેની પણ પોલીસે સહી લીધેલી. મને કોર્ટના રેકર્ડમાંથી આંક–૩૮ વાળું અટક પંચનામું બતાવવામાં આવે છે તે જોઈને કહુ છુ કે તેમાં પંચ નં. ૨ માં મારી સહી છે તથા પંચ નં. ૧ માં વિનોદભાઈ મનસુખભાઈની સહી છે જે હું ઓળખી બતાવુ છું.

એવુ બનેલ નથી કે તા. ૦૩/૦૯/૨૦૧૪ ના રોજ પોલીસે અમોને પંચમાં રહેવા માટે બોલાવેલા અને અમારી રૂબરૂમાં આરોપી કમલેશ મનસુખભાઈ માકડીયાને અટક કરેલા અને તે અંગેનું પંચનામું અમોએ લખાવેલું અને ત્યારબાદ તેમાં સહી કરેલી.

આમ, સદરહુ સાહેદના સોગંદ પરના પુરાવાથી ફરિયાદપક્ષનાં કેસને સમર્થન મળતું નથી અને ફરિયાદપક્ષનો કેસ પુરવાર થયેલ નથી.

**(૧૫)** ફરિયાદપક્ષે આ કામે સાહેદ નં. ૬ રમાગૌરી પરસોત્તમભાઈ રાજ્યગુરૂએ તેમની આંક–૪૦ ની કોર્ટ રૂબરૂની સોગંદ ઉપરની જુબાનીની સરતપાસમાં મુખ્યત્વે એવી હકીકતો જણાવેલ છે કે, અમો તા. ૨૬/૦૩/૨૦૧૪ ના રોજ જેતપુર સીટી પોલીસ સ્ટેશનમાં પી. એસ. ઓ. તરીકે ચાર્જમાં હતા તે દરમ્યાન ફરીયાદી બેબીબેન જમાલભાઈ મલતાનીએ જેતપુર સીટી પોલીસ સ્ટેશનના પી. એસ. આઈ. શ્રી ઝેડ. જી. ચૌહાણ સાહેબ રૂબરૂ પોતાની ફરીયાદ લખાવેલી જે ફરીયાદ ગુનો દાખલ કરવા માટે અમારા તરફ આવતાં અમોએ જેતપુર સીટી પોલીસ સ્ટેશન ગુ. ર. નં. ૫૯/૨૦૧૪, ઈ. પી. કો. કલમ – ૪૫૨, ૪૩૬, ૩૨૩, ૫૦૪, ૫૦૬(૨), ૪૨૭ વિગેરે મુજબનો ગુનો નોંધેલો અને સદર ગુનાની આગળની તપાસ જેતપુર સીટી પોલીસ સ્ટેશનના પી. એસ. આઈ. શ્રી ઝેડ. જી. ચૌહાણને સોંપેલી અને ફરીયાદનો ક્રિ. પ્રો. કો. કલમ – ૧૫૪ ના ફોર્મમાં ઉતારો કરેલો તે જોઈને કહુ છુ કે તેમાં મારી સહી છે.

બચાવપક્ષે વિ. વ. શ્રી દ્વારાં સાહેદની કરવામાં આવેલ ઊલટ તપાસમાં સાહેદે મુખ્યત્વે એવી હકીકતો જણાવેલ છે કે, એ વાત ખરી છે કે મે અસલ ફરીયાદનો ક્રિ. પ્રો. કો. કલમ – ૧૫૪ ના ફોર્મમાં ઉતારો કર્યા સિવાય અને તપાસ સોંપ્યા સિવાય બીજી કોઈ કામગીરી કરેલ નથી.

આમ, સદરહુ સાહેદના સોગંદ પરના પુરાવાથી ફરિયાદપક્ષનાં કેસને સમર્થન મળતું નથી અને ફરિયાદપક્ષનો કેસ પુરવાર થયેલ નથી.

**(૧૬)** ફરિયાદપક્ષે આ કામે સાહેદ નં. ૭ ત. ક. અમલદાર ઝાકીરહુસેન ગુલાભાઈ ચૌહાણે તેમની આંક–૪૨ ની કોર્ટ રૂબરૂની સોગંદ ઉપરની જુબાનીની સરતપાસમાં મુખ્યત્વે એવી હકીકતો જણાવેલ છે કે, ગઈ તા. ૨૬/૦૩/૨૦૧૪ ના જેતપુર સીટી પોલીસ સ્ટેશનમાં પી. એસ. આઈ. તરીકે ફરજ બજાવતા હતા ત્યારે ફરીયાદી બેબીબેન જમાલભાઈ મલતાનીએ અમારા રૂબરૂ પોતાની ફરીયાદ જાહેર કરેલી જે ફરીયાદ તેઓના લખાવ્યા મુજબની લખી લઈ સદર ફરીયાદ મુજબનો ગુનો દાખલ કરવા માટે ફરીયાદી પી. એસ. ઓ. તરફ રવાના કરેલી. ત્યારબાદ સદર ફરીયાદ મુજબનો ગુનો દાખલ થયા બાદ સદર ગુનાની

તપાસ અમોને મળતાં અમોએ આ તપાસના કામે બે પંચો રૂબરૂ આરોપીને અટક કરેલા અને તે અંગેનું પંચોના લખાવ્યા મુજબનું પંચનામું કરેલું. બે પંચો રૂબરૂ બનાવવાળી જગ્યાનું પંચનામું કરેલું જે પંચોના લખાવ્યા મુજબનું કરેલું. સદર ગુનાની તપાસના કામે લાગતા વળગતા સાહેદોના નિવેદનો તેઓના લખાવ્યા મુજબના નોંધેલા. આરોપી વિરૂધ્ધ પુરતા પુરાવા મળી આવતાં નામદાર કોર્ટમાં આરોપી વિરૂધ્ધ ચાર્જશીટ દાખલ કરેલું.

આમ, હાલનાં સાહેદ તે ત. ક. અમલદાર છે અને તેઓએ તેમની ફરજનાં ભાગરૂપે થતી કાર્યવાહી કરેલ છે.

આમ, સદરહુ સાહેદના સોગંદ પરના પુરાવાથી ફરિયાદપક્ષનાં કેસને સમર્થન મળતું નથી અને ફરિયાદપક્ષનો કેસ પુરવાર થયેલ નથી.

**(૧૭)** આમ, ફરિયાદીની ફરિયાદ તેમજ ફરિયાદપક્ષે તપાસવામાં આવેલ તમામ સાહેદોની જુબાનીઓ ધ્યાને લેવામાં આવે તો હાલનાં કામનાં ફરિયાદીને તપાસી શકાયેલ નથી જ્યારે તે સિવાયનાં અન્ય સાહેદોએ તથા પંચ સાહેદોએ ફરિયાદપક્ષનાં કેસની હકીકતોને સમર્થનકારક એવી કોઈ હકીકતો તેમની જુબાનીમાં જણાવેલ ન હોઈ તેઓને ફરી ગયેલાં જાહેર કરવામાં આવેલ છે. આમ, આ કામનાં ફરિયાદી તથા આરોપી વચ્ચે પતિ પત્નિ જેવો સબંધ હોઈ જે બંને સાથે રહેતાં હોઈ અને ફરિયાદીએ ઘરવપરાશ માટે પૈસા માંગતા આ કામનાં આરોપીએ ફરિયાદીને ઢીકાપાટુનો માર મારી, ગાળો આપી, જાનથી મારી નાંખવાની ધમકી આપી જતો રહેલ અને ત્યારબાદ આ કામનાં આરોપીએ તા. ૧૨/૦૩/૨૦૧૪ નાં રોજ રાત્રીના ૩.૩૦ વાગ્યે આવી અને ફરિયાદીનાં મોઢા ઉપર પેટ્રોલ છાંટી તથા ત્યારબાદ તા. ૧૫/૦૩/૨૦૧૪ નાં રોજ સવારના સાડા પાંચેક વાગ્યે આવી ઓશરીમાં પડેલ ગોદડાં તથા બીજી ઘરવખરીનો સામાન સળગાવી દઈ ફરિયદીને આશરે રૂા. ૨૦,૦૦૦/- જેટલાનું નુકસાન કરી ઈ. પી. કોડની કલમ-૪૫૨, ૪૩૬, ૩૨૩, ૫૦૪, ૫૦૬(૨) અન્વયેનો ગુનો કરેલાનો ફરિયાદપક્ષનો કેસ પુરવાર કરવામાં ફરિયાદપક્ષ નિષ્ફળ ગયેલા હોઈ જેથી મુદ્દા નં. ૧ નો નિર્ણય નકારમાં આપવામાં આવે છે અને મુદ્દા નં. ૨ પરત્વે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

## આખરી હુકમ

**(૧)** આ કામનાં આરોપી **કમલેશ મનસુખભાઈ માકડીયા પટેલનાઓને** જેતપુર સિટી પો. સ્ટે. ફર્સ્ટ ગુ. ર. નં. ૫૯/૨૦૧૪, ઈ. પી. કોડની કલમ-૪૫૨, ૪૩૬, ૩૨૩, ૫૦૪, ૫૦૬(૨) મુજબનાં શિક્ષાનેપાત્ર ગુનામાંથી ક્રિમી. પ્રોસી. કોડની કલમ-૨૩૫(૧) અન્વયે નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

**(૨)** આ કામના આરોપીના ક્રિમીનલ પ્રોસીજર કોડમાં નવી સુધારેલી કલમ–૪૩૭(એ)ની જોગવાઇ મુજબ આ કામના આરોપીના અગાઉ લીધેલ જામીન છ માસ પુરતા ચાલુ રાખવામા આવે છે.

હુકમ આજ **તા. ૧૦, માહે–ઓક્ટોબર, સને–૨૦૨૪** નાં રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી મારી સહી કરી જાહેર કર્યો.

**મુકામઃ જેતપુર.**
**તા. ૧૦/૧૦/૨૦૨૪**

**(લીલાભાઇ ગોવિંદભાઇ ચુડાસમા)**
**એડીશ્નલ સેશન્સ જજ**
**જેતપુર, જી.રાજકોટ.**
**CODE-GJ-00559**